અને તે જગ્યોમાં ધાન્ય ઘણું થાય. વળી કોઈ જાતનું વિઘ્ન પણ ન થાય આ પ્રયોગ સર્વને નહિ આપવો આ શંકરનું કહેલ વચન અસત્ય નહિ થાય. ॥ ૩૭ ॥

पुष्यार्के तु समागृह्य मूलं श्वेतार्कसम्भवम् ॥
अंगुष्ठप्रतिमां तस्य प्रतिमां तु प्रपूजयेत् ॥ ३८ ॥

રવિવારને દિવસે પુષ્પ નક્ષત્રમાં એક અંગુલના પ્રમાણમાં સફેદ આકડાની જડ લાવવી પછી તે જડની અંદર ગણપતીની મૂર્તિ કરવી ત્યાર બાદ તેનું પૂજન કરવું. ॥ ૩૮ ॥

गणनाथस्वरूपं तु भक्तया रक्ताश्वमारजैः ॥
कुसुमैश्चापि गन्धाद्यैर्हविष्याशी जितेन्द्रियः ॥ ३९ ॥

અને જીતેંદ્રિય તથા હવિષ્યાન્ન જમીને ભક્તિ પૂર્વક લાલ કરણનાં પુષ્પ તથા ગંધાદિ પુજાપાથી. ॥ ૩૯ ॥

पूजयेद्गुनाममंत्रैश्च तद्बीजानि नमोऽन्तकैः ॥
यान्यान्प्रार्थयते कामान्मासेकेन तु ताँल्लभेत् ॥ ४० ॥

મંત્ર ભણીને શ્રી ગણપતિની મૂર્તિની પૂજા કરવી અને ગણપતિના બીજ મંત્રથી વિધિ પૂર્વક જપ કરવો અને જે કામ કરવું હોય તે મનમાં ચિંતવવું. ॥ ૪૦ ॥

छत्रिकायां स्नुहीवृक्षवन्दां च धारयेत्करे ॥

वाक्यसिद्धिर्भवेत्तस्य महाश्चर्यमिदं स्मृतम् ॥ ४१ ॥

જે જે કામ કરવું હોય તે તે કામમાં એક મહિના સુધી પૂજા કરવાથી સિદ્ધિ કામ થાય ॥ ॐ अन्तरिक्षाय नमः આ મંત્રથી પૂજા કરવી. ॐ ह्रीं पूर्व दयां फट् स्वाहा ॥ આ મંત્રથી ઘી લઈને લાલ કરણના પુષ્પ સહિત તેમાં મધ નાંખીને આહુતી આપવી તેથી મનની ઇચ્છા ગણપતિ પુરી કરશે ॥ ॐ ह्रीं श्री मानसे सिद्धि करि ह्रीं नमः ॥ આ મંત્રે કરીને એક લાલ પુષ્પ હાથમાં લઈને મંત્ર ભણીને હરરોજ ગણપતિને ચડાવે તો આઠ ગુણમાંથી એક ગુણ જરૂર આપે છે. કૃતિકા નક્ષત્રમાં મૂલ જે મંત્ર લખેલો છે તે મંત્ર ભણીને સ્નુહિ વૃક્ષ વંદાને હાથમાં બાંધવાથી વાકય સિદ્ધિ થાય આ પ્રયોગ આશ્ચર્ય કર્તા છે. ॥ ૪૧ ॥

अनेन ग्राहयेत्स्वातिनक्षत्रे बदरीभवम् ॥
वन्दाकं तत्करे धृत्वा यद्वस्तु प्रार्थ्यते जनैः ॥ ४२ ॥

સ્વાતિ નક્ષત્રમાં બદરી વૃક્ષનું ફલ (અર્થાત બોર) લાવીને ઉપરનો કહેલો મંત્ર ભણીને જે જે વસ્તુની કામના કરે તેતે ॥ ૪૨ ॥

तत्क्षणात्प्राप्यते सर्वं मंत्रमात्रैव कथ्यते ॥
ॐ अन्तरिक्षाय स्वाहा, अनेन ग्राहयेत् ॥ ४३ ॥

તેજ વખતે તે કામના પૂર્ણ થાય છે. ॥ ૪૩ ॥

इति दत्तात्रेयतंत्रे इंद्रजालकौतुकदर्शनं नामैकादश ।११।

अथ द्वादशः पटलः ॥ १२ ॥

तत्र यक्षिणीसाधनम् । ईश्वर उवाच ।
अथातः सम्प्रवक्ष्यामि यक्षिणीनां सुसाधनम् ॥
यस्याःसिद्धौमनुष्याणांसर्वेसिद्ध्यन्तिहृच्छयाः ॥ १ ॥

आषाढपुर्णिमायां तु कृत्वा क्षौरादिकाः क्रियाः ॥
सितेज्ययोरमौढ्ये तु साधयेद्यक्षिणीं नरः ॥ २ ॥

આ બારમા પટલમાં યક્ષણી સાધન કહે છે. શંકર કહે છે કે હવે હું યક્ષણી સાધન તમોને કહું છું જે સાધન કરવાથી મનુષ્યોની મન કામના સિદ્ધિ થાય છે. ॥ ૧ ॥ આશાઢ મહીનાની પૂર્ણીમાને દીવશે ક્ષોરાદિક કર્મ કરાવીને ગુરૂ અથવા શુક્રના ઉદયમાં મનુષ્ય યક્ષણીનું સાધન કરે. ॥ ૨ ॥

प्रतिपद्दिनमारभ्य श्रावणेन्दुकलान्विते ॥
मासमात्रप्रयोगोयं निर्विघ्नेन विधिं चरेत् ॥ ३ ॥

શ્રાવણ મહીનાની કૃષ્ણ પક્ષની પડવેને દીવશે પોતાનો ચંદ્રમા જોઇને એક મહિના સુધીનો આ પ્રયોગ કરવાનો છે. નિર્વિઘ્નતાથી આ પ્રયોગ પુરો કરવો. ॥ ૩ ॥

निर्जने बिल्ववृक्षस्य मूले कुर्याच्छिवार्चनम् ॥
षोडशैरुपचारैस्तु रुद्रपाठसमन्वितम् ॥ ४ ॥

જે ઠેકાણે કોઈપણ મનુષ્યનું જવું આવવું ન થતું હોય તેવા વનમાં જઇને બીલીપત્રના ઝાડની સામે બેશીને વિધિપૂર્વક પૂજન રૂદ્રપાઠ સહિત શ્રી શંકરનું કરવું. ॥ ૪ ॥

त्र्यम्बकेत्यस्य मन्त्रस्य जपं पंचसहस्रकम् ॥
दिवसे दिवसे कृत्वा कुबेरस्य च पूजनम् ॥ ५ ॥

"ત્ર્યમ્બકં યજામહે" આ મંત્રનો જપ નિરંતર પાંચ હજાર કરવો અને નીરંતર કબેરનું પૂજન કરવું. ॥ ૫ ॥

मंत्रः ॥ यक्षराज नमस्तुभ्यं शंकरप्रियबांधव ॥
एकां मे वशगां नित्यं यक्षिणीं कुरु ते नमः ॥ ६ ॥

કુબેરનો મંત્ર (યક્ષરાજ નમસ્તુભ્યં) છે તેનો અર્થ એ છે કે હે યક્ષરાજ શિવજીનાં પ્રિય ભાઈ તમને નમસ્કાર છે અને એક એક યક્ષણી દરરોજ અમારે વશ રહે તે તમો કરો માટે તમોને નમસ્કાર છે. ॥ ૬ ॥

इति मंत्रं कुबेरस्य जपेदष्टोत्तरं शतम् ॥
ब्रह्मचर्येण मौनेन हविष्याशी भवेद्दिवा ॥ ७ ॥

આ કુબેરનો મંત્ર એક સો આઠવાર દીવસનો જપવો અને જીતેન્દ્રીય મૌન્ય ધારણ કરીને રહેવું અને હવિષ્યાન્ન જમવું અને પૂજન તથા જપ કરવો. ॥ ૭ ॥

रात्रेस्तु मध्यमौ यामौ विनिद्रो मितभोजनः ॥
बिल्ववृक्षं समारुह्य जपेन्मंत्रमिमं सदा ॥ ८ ॥

રાત્રીયે બીજો અને ત્રીજો એ બે પહોર નીદ્રા નહી કરવી અને થોડું જમીને બીલીના ઝાડની ઊપર બેશીને આ મંત્રનો જપ કરવો. ॥ ૮ ॥

अथ मन्त्रः ॐ क्लीं ह्रीं ऐं ॐ श्रीं महायक्षिण्यै सर्वैश्वर्य्य प्रदात्र्यैनमः॥

इति मंत्रस्य च जपं सहस्त्रत्रयसंमितम् ॥
कूर्याद्बिल्वसमारूढो माससमात्रमतंद्रितः ॥ ९ ॥

ઊપર કહેલા મંત્રનો જપ નીરંતર ત્રણ હજાર બીલીપત્રના વૃક્ષની ઊપર ચઢીને આલસ્ય છોડીને એક મહીના સુધી જપવો.॥૯॥

मध्वामिषबलिं तत्र कल्पयेत्संस्कृतं पुरः ॥
नानारुपधरा यक्षी कचित्तत्रागमिष्यति ॥ १० ॥

અને બલીદાન દેવા સારૂ નીરંતર મદીરા તથા માંસ પોતાની પાસે રાખવાં કારણ કે અનેક રૂપ ધારણ કરનાવાળી યક્ષણી કોઈ દીવસ આવી જાય. ॥ ૧૦ ॥

तां दृष्ट्वा न भयं कूर्याज्जपे संसक्तमानसः ॥
यस्मिन्दिने बलिं भुक्त्वा वरं दातुं समर्थयेत् ॥११॥

જે દીવસ તે યક્ષણી પોતાની પાસે આવી જાય ત્યારે તેના થકી ડરવું નહી અને જપ કરવામાં ધ્યાન રાખવું અને જ્યારે યક્ષણી બલીદાન લઇને પછી વરદાન આપવાને તૈયાર થાય. ॥ ૧૧ ॥

तदा वरान्वै वृणुयात्तांस्तान्वै मनसेप्सितान् ॥
धनमानयितुं ब्रूयादथवा कर्णवार्तिकीम् ॥ १२ ॥

તે વખતે જે પોતાનાં મનમાં ઇચ્છા હોય તે વરદાન માગી લેવું. ધન લાવવા વીશે અથવા ત્રણ લોકમાં જે વાત થાય તે કાનમાં કહેવા માટે વરદાન માગી લેવું ॥ ૧૨ ॥

भोगार्थमथवा ब्रूयान्नृत्यं कर्तुमथापि वा ॥
भूतानानयितुं वापि स्त्रियमानायतुं तथा ॥ १३ ॥

અથવા ભોગ ભોગવવા નિમિત્ત અથવા નાચ દેખવા નિમિત્ત વા કોઈ પ્રાણી લાવવા નિમિત્ત તથા સ્ત્રી લાવવા માટે વરદાન માગી લેવું. ॥ ૧૩ ॥

राजानं वा वशीकर्तुमायुर्विद्यायशोबलम् ॥
एतदन्यद्यदीप्सेत साधकस्तत्तु याचयेत् ॥ १४ ॥

અથવા કોઈ રાજા વશ્ય કરવાનું માગી લેવું અથવા વિદ્યા, ધન, યશની વૃદ્ધિ નિમિત્ત અથવા જે કંઈ ઇચ્છા હોય તે સાધન કરનારે માગી લેવું ॥ ૧૪ ॥

चेत्प्रसन्ना यक्षिणी स्यात्सर्वं दद्यान्न संशयः ॥
अशक्तस्तु द्विजैः कूर्यात्प्रयोगं सुरपूजितम् ॥ १५ ॥

યદિ યક્ષીણી પ્રસન્ન થઇ હશે તો માંગેલા વરદાન નિઃસદેહ આપશે આ પ્રયોગ પોતાથી નહી બની શકે તેમ હોય તો બ્રાહ્મણદ્વારાયે કરાવવો આ પ્રયોગ સુર પૂજન જેવો છે. ॥ ૧૫ ॥

सहायानथवा गृह्य ब्राह्मणान्साधयेद्व्रतम् ॥
नित्यं कूमारिकाभोज्याः परमान्नेन वै त्रयः ॥ १६ ॥

અથવા બ્રાહ્મણોને સાથે લઈ જઇને પ્રયોગનું સાધન કરવું અને નિત્ય ઊત્તમ અન્નથી ત્રણ કન્યાઓને ભોજન કરાવવું ॥ ૧૬ ॥

सिद्धे धनाधिकं नैव सदा सत्कर्म चाचरेत् ॥

कुकर्मणिव्ययश्चेत्स्यात्सिद्धिर्गच्छतिनान्यथा ॥ १७ ॥

યક્ષણીની ક્રીયાથી જે દ્રવ્ય પ્રાપ્ત થયું હોય તે દ્રવ્યને સારા રસ્તે અને ધર્મ વિગેરે કામમાં લાવવું પણ જો કુકર્મમાં તે દ્રવ્ય વપરાશે તો તે સીદ્ધી રહેશે નહિ ॥ ૧૭ ॥

अश्वत्थवृक्षमारुह्य जपेदेकाग्रमानसः ॥
धनदायीं यक्षिणीं च धनं प्राप्नोति मानवः ॥ १८ ॥

પીપલાના વૃક્ષ ઊપર બેશીને એકાગ્ર ચીતથી ધનને આપવાવાલી યક્ષણીના મંત્રનો જપ કરવાથી મનુષ્યોને ધન પ્રાપ્ત થશે. ॥ ૧૮ ॥ ॐ ऐं ह्रीं श्रीं धनं कुरु कुरु स्वाहा ॥ આ મંત્ર દશ હજાર જપવાથી સિદ્ધિ થાય ॥

चूतवृक्षं समारुह्य जपेदेकाग्रमानसः ॥
अपुत्रो लभते पुत्रं नान्यथा शंकरोदितम् ॥
मंत्रः ॥ ॐ ह्रां ह्रीं ह्रूं पुत्रं कुरु कुरु स्वाहा ॥
अयुतजपेन सिद्धिः ॥ १९ ॥

આંબાના વૃક્ષ ઉપર ચડીને એકાગ્ર મનથી જપ કરે તો પુત્ર રહિત માણુસોને પુત્ર પ્રાપ્ત થાય આ શંકરનું કહેલ વચન અસત્ય નથી ॥ ૧૯ ॥ મુળમાં લખેલો મંત્ર દશ હજાર જપવો.

वटवृक्षसमारुढो जपेदेकाग्रमानसः ॥
महालक्ष्मी यक्षिणी चस्थिरा लक्ष्मीश्चजायते ॥
मंत्रः ॥ ॐ ह्रीं क्लीं महालक्ष्म्यै नमः ॥
अयुतं जपेत्सिद्धिः ॥ २० ॥

વડના વૃક્ષ ઊપર બેશીને સાવધાન રીતે રહીને મહાલક્ષ્મીનામની યક્ષણીના મંત્રનો જપ કરવાથી લક્ષ્મી સ્થીર રહે છે. ॐ ह्रीं क्लीं महालक्ष्म्यै नमः આ મંત્ર દશ હજાર જપવાથી સિદ્ધિ પ્રયોગ થાય છે. ॥ ૨૦ ॥

अर्कमूलसमारूढो जपेदेकाग्रमानसः ॥
यक्षिणी च जयानामा सर्वकार्यकरी भवा ॥
मंत्रः । ॐ ऐं महायक्षिण्यै सर्वकार्यसाधनं
कुरु कुरु स्वाहा । अयुतजपात्सिद्धिः ॥ २१ ॥

આકડાના વૃક્ષના મૂળ ઉપર બેસીને મન સ્થીર રાખીને જયાનામની યક્ષણીનું પૂજન કરે તો સર્વે કાર્યોને સિદ્ધ કરવાવાળી છે. अथ मंत्रः ॐ ऐं महायक्षिण्यै सर्व कार्य साधनं कुरु कुरु स्वाहा આ મંત્ર દશ હજાર જપવાથી સિદ્ધિ પ્રયોગ થાય છે. ॥ ૨૧ ॥

गुप्तेन विधिना कार्यं प्रकाशं नैव कारयेत् ॥
प्रकाशे बहु विघ्नानि जायंते नात्र संशयः ॥ २२ ॥

આ પ્રયોગ ગુપ્ત વિધિથી કરવો કોઈને કહી અથવા પ્રખ્યાતી કરીને કયારે પણ નહી કરવો અને જો સર્વેને કહીને કરે છે તો જરૂર વિઘ્ન આવે છે ॥ ૨૨ ॥

प्रयोगश्चाऽनुभूतोयं तस्माद्यत्नवदाचरेत् ॥
निर्विघ्नेन विधानेन भवेत्सिद्धिरनुत्तमा ॥ २३ ॥

આ યક્ષણીનો પ્રયોગ અનુભવ કરેલો છે એટલા માટે યત્નથી સાવધાનથી અને પોતાની બહાદુરીથી નિવિઘ્નતાથી વિધિપૂર્વક પૂજનથી જો પ્રયોગ કોઈ પણ કરશે તો જરૂર સિદ્ધિ મલશે. ॥ ૨૩ ॥

गोप्यं चेदं महत्तंत्रं यस्मै कस्मै न दापयेत् ॥
दुर्जनस्पर्शनाद्विद्या भवत्यल्पफला यतः ॥ २४ ॥

આ મહા તંત્ર ગુપ્ત રાખવા જેવો છે માટે અજાણ્યા માણુસને કયારે પણ નહી આપવો કારણ કે દુષ્ટ પુરૂષને આ વિદ્યા બતાવવાથી અલ્પ ફ્લ આપવા જેવો થઈ જાય છે ॥ ૨૪ ॥

॥ આ દત્તાત્રેયતંત્રનું બારમું પટલ સમાપ્ત થયું. ॥

अथ त्रयोदशः पटलः ॥ १३ ॥

तत्र रसायनम् । ईश्वर उवाच ।

अथातः सम्प्रवक्ष्यामि रसायनविधिं परम् ॥
कुबेरतुल्यो भवति यस्य सिद्धौ नरो भुवि ॥ १ ॥

હવે તેરમાં પટલમાં રસાયન પ્રયોગ લખાય છે શંકર કહે છે કે હે દત્તાત્રેયજી હવે હું તમારી પાસે રસાયન શાસ્ત્રનો પ્રયોગ કહું છું આ પ્રયોગ સિદ્ધ થવાથી કુબેરના તુલ્ય થઇને પૃથ્વીમાં મનુષ્ય રહે છે ॥ ૧ ॥

गोमूत्रं हरितालं च गन्धकं च मनःशिलाम् ॥
समं समं गृहीत्वा तु यावच्छुष्कं तु पेषयेत् ॥ २ ॥

ગૌમૂત્ર, હરતાલ, ગંધક, મનશીલ, આ સર્વે વસ્તુ સરખે ભાગે લઇને જ્યાં સુધી સુકાય નહી ત્યાં સુધી ખરલ કરવી ॥ ૨ ॥

गोमूत्रं रक्तवर्णाया गंधकं रक्तवर्णकम् ॥
एकादशदिनं यावद्रक्ष्यं यत्नेन वै शुचिः ॥ ३ ॥

લાલ ગાયનું મુત્ર તથા લાલ ગંધક અગ્યાર દીવસ સુધી પવિત્ર વસ્ત્ર પહેરીને વિધિ પૂર્વક ખરલ કરવો. ॥ ૩ ॥

गोलं कृत्वा द्वादशेह्नि रक्तवस्त्रेण वेष्टयेत् ॥
चतुरंगुलमानेन मृदं लिप्त्वा विशोषयेत् ॥ ४ ॥

ત્યાર બાદ બારમે દીવશે તેનો ગોળો કરીને લાલ કપડામાં લપેટીને તેના ઊપર ચાર તસું માટી ચડાવીને સુકવવો ॥ ૪ ॥

पंचहस्तप्रमाणेन भूमौ गर्तं तु कारयेत् ॥
पलाशकाष्ठलोष्ठैस्तु पूरयेद्द्रव्यमध्यगम् ॥ ५ ॥

અને પાંચ હસ્તનો ચોક જમીનમાં ખાડો કરવો અને ખાખરાના લાકડાના કોયલામાં ગોળો વચમાં રાખી ખાડો ભરી દેવો. ૫

अग्निं दद्यात्प्रयत्नेन स्वांगशीतं समुद्धरेत् ॥
ताम्रपत्रे सुसंतप्ते तद्भस्म तु प्रसारयेत् ॥ ६ ॥

અને તે ગોળાને પછી તેમાં મુકીને અગ્નીની આંચ આપવી અને જ્યારે અગ્ની શાન્ત થઈ જાય ત્યાર બાદ તે ગોળાને કાઢીને ત્રાંબાના પતરાને સારી રીતે તપાવીને પછી તે ગોળાની ભસ્મ થાય તે પતરા ઉપર નાખવી ॥ ૬ ॥

गुंजैकं तत्क्षणात्स्वर्णं जायते ताम्रपत्रकम् ॥
अरण्ये निर्जने देशे शिवालयसमीपतः ॥ ७ ॥

અને તે ભસ્મ એક ચણોઠીભાર તે ત્રાંબાના પતરા ઊપર નાખવાથી તે પતરૂ સુવર્ણ થઈ જસે આ પ્રયોગ જે ઠેકાણે કોઈ માણસ ન હોય ત્યાં અથવા શિવાલયમાં કરવાથી સિદ્ધ થાય છે. ॥ ७ ॥

शुक्लपक्षे सुचन्द्रेह्नि प्रयोगं साधयेत्सुधीः ॥
त्र्यम्बकेति च मंत्रस्य जपं दशसहस्रकम् ॥ ८ ॥

શુક્લ પક્ષમાં જે દીવસ પોતાનો ચંદ્ર બલવાન હોય તે દીવશે બુદ્ધિવાન મનુષ્યે આ રસાયન પ્રયોગને સાધવો અને (त्र्यंबकं यजामहे) તે મંત્ર દશ હજાર જપવો ॥ ૮ ॥

प्रत्यहं कारयेद्विप्रान् भोजयेद्रुद्रसंमितान् ॥
यावत्सिद्धिर्न जायेत तावदेतत्समाचरेत् ॥ ९ ॥

તથા અગ્યાર દીવસ સુધી બ્રહ્મ ભોજન કરાવે અને જ્યાં સુધી તે પ્રયોગ સિદ્ધ ન થાય ત્યાંસુધી તે પ્રમાણે કરે. ॥ ૯ ॥

अथ मन्त्रः ॐ नमो भगवते रुद्राय स्वर्णादीनामीशाय रसायनस्य सिद्धिं कुरुकुरु स्वाहा ॥ આ મંત્ર ખરલ કરતી વખતે અગ્યાર દીવસ સુધી દશ હજાર જપ કરવાથી આ પ્રયોગ સિદ્ધિ થશે ॥

॥ आ दत्तात्रेयतंत्रनुं रसायन प्रयोजना वर्णननुं तेरमुं पटल संपूर्ण थयुं ॥

चतुर्दशः पटलः ॥ १४ ॥

तत्र कालज्ञानम् । ईश्वर उवाच ।

अथातः सम्प्रवक्ष्यामि कालज्ञानाविनिर्णयम् ॥
यस्य विज्ञानमात्रेण कालज्ञानं विधीयते ॥ १ ॥

આ ચૌદમા પટલમાં કાલ જ્ઞાન લખાય છે. શંકર કહે છે કે દત્તાત્રેયજી હવે હું તમોને કાલ જ્ઞાનનું વર્ણન કરૂં છું જેને જાણવાથી કાલનું જ્ઞાન થાય છે ॥ ૧ ॥

न दृष्टा नासिका येन नेत्रे च समलायतम् ॥
षण्मासाभ्यंतरे मृत्युर्नान्यथा शंकरोदितम् ॥ २ ॥

જે માણસ પોતાની નાશીકા અને ભમર ન દેખે તો છ મહીનાની અંદર મૃત્યુ થાય આ શંકરનું કહેલ વચન અસત્ય નથી ॥ ૨ ॥

न दृष्टारुधीती येन सप्तर्षीणां च मध्यतः ॥
षण्मासाभ्यन्तरे मृत्युर्यदि रक्षति चेश्वरः ॥ ३ ॥

જે માણસ આકાશમાં સપ્તરૂષીની વચમાં અરૂંધતીનો તારો ન દેખે તો તેને ઇશ્વર ભલે સહાય કરે પણ છ મહિનાની અંદર મૃત્યુ થાય ॥ ૩ ॥

स्नानकालस्य समये मृत्युज्ञानं निरीक्ष्यते ॥
हृदि शुष्कं भवेद्यस्य षण्मासाभ्यंतरे मृतिः ॥ ४ ॥

તથા સ્નાન કરતી વખતે મૃત્યુજ્ઞાનને દેખે અને સ્નાન થઇ રહ્યા બાદ પહેલું પોતાનું હૃદય સુકાઇ જાય તો છ મહિનાની અંદર મૃત્યુ થાય ॥ ૪ ॥

रात्रौ चंद्रो दिवा सूर्यो मासमेकं निरन्तरम् ॥
भवेन्मृत्युश्च नुस्तस्य षण्मासाभ्यन्तरे ध्रुवम् ॥ ५ ॥

જે માણસનો રાત્રીયે ચંદ્રસ્વર અને દિવસે સૂર્યસ્વર એક મહીના સુધી ચાલે તો તેનું ૭ મહિનાની અંદર જરૂર મૃત્યુ થાય ॥ ૫ ॥

सम्पूर्णे वहते सूर्यः सोमश्चैव न दृश्यते ॥
पक्षेण जायते मृत्युः कालज्ञैः परिभाषितम् ॥ ६ ॥

તથા જો હંમેશાં સૂર્ય સ્વર ચાલે અને ચંદ્ર સ્વર બીલકુલ ન ચાલે તો ૧૫ દીવસમાં મૃત્યુ થાય તેવી રીતે કાલને જાણુનારા લોકોયે કહેલું છે ॥ ૬ ॥

मासश्चैव तु षण्मासः पक्षश्चैव त्रिमासकः ॥
पंचरात्रिर्वहेच्चैकस्तस्य मृत्युर्न संशयः ॥ ७ ॥

જે માણસને એકજ સ્વર એક માસ, ૭ માસ અથવા એક પક્ષ વા ત્રણ મહિના વા પાંચ રાત્રી સુધી ચાલે તો નિસંદેહથી તેનું મૃત્યુ થાય ॥ ૭ ॥

शुक्लपक्षे वहेद्वामं कृष्णपक्षे च दक्षिणम् ॥
उभयोस्त्रीणि दिवसं दृश्यते चंद्रसूर्ययोः ॥ ८ ॥

અથવા અજવાળીયામાં ચંદ્રસ્વર અને અંધારીયામાં સૂર્યસ્વર અથવા બે પખવાડીયામાં સૂર્ય ચંદ્રસ્વર ત્રણ ત્રણ દીવસ રહે તો ॥ ૮ ॥

पंचभूतात्मकं दीपं चंद्रस्नेहेन पूरितम् ॥
रक्षेच्च सूर्यवातेन तेन जीवः स्थिरो भवेत् ॥ ९ ॥

પંચ ભૂતાત્મક આ શરીર દીવો છે અને ચંદ્ર સ્વરૂપ તેલથી ભરેલ તેને સૂર્યરૂપ વાયુયે કરીને રક્ષા થાય જેથી જીવ સ્થીર રહે ॥ ૮ ॥

आत्मा दीपः सूर्यज्योतिरायुः स्नेहकलात्मकः ॥
कायाकज्जलसंसारे वृत्तिरेषा तनोर्मता ॥ १० ॥

આત્મારૂપ દીવો અને સૂર્યરૂપ જ્યોતિ અને આયુષ્યરૂપી

તેલ આ શરીરમાં ભરેલ છે તેમાં કાયારૂપ કાજલ છે અને આ જગતમાં જે જીવની વૃત્તિ છે તેજ આ શરીરની વૃત્તિ છે ॥૧૦॥

च्छायां वियोर्नि ध्रुवमृक्षमालामालोकयेद्यो न च मातृचक्रम् ॥
खण्डनर्द्द यस्य च कर्दमाङ्घ्रौ कफश्च्युतो मज्जति चाम्बुनुम्बी ११

જે મનુષ્ય ચંદ્રછાયા તથા ધ્રુવ નક્ષત્રમાલા તથા માતૃ મંડલને નહિ દેખે અને કાદવમાં પગ રાખવાથી ખંડીત જેવું લાગે તથા તેના કફ જલમાં પડવાથી નીચે બેસી જાય તો તેનું અરિષ્ટ જાણવું ॥ ૧૧ ॥

उरः पुरः शुष्यति तस्य चार्द्रे न मान्ति तिस्रोऽङ्गुलयश्च वक्रे ॥
स्नातस्य मूर्धन्यपि धूमवल्ली निलीयते रिक्तमुखः खगो वा ।१२।

જે માણસને સ્નાન કર્યા પછી શરીરમાં પ્રથમ છાતી સુકાઇ જાય અને ત્રણ આંગળા જેના મોઢામાં ન આવે અને સ્નાન કરી રહ્યા બાદ જેના માથામાં ધુવા ઊઠે જેવું અને અનાજ તથા ફલરહિત ચાંચવાળું પક્ષી મુસ્તક ઊપર બેસી જાય તો તેનું અરિષ્ટ સમજી લેવું ॥ ૧૨ ॥

अतीव तुच्छं बहु चाल्पहेतोरतोतसात्म्यः सदसत्प्रवृत्तौ ॥
अप्यंगुलिक्रान्तविलोचनान्तो न मेचकं चान्द्रकमीक्षते यः ॥१३॥

જો આરોગ્ય મનુષ્ય એકદમ થોડું ભોજન કરે અથવા વિશેષ કરવા લાગે અને ઉત્તમ વિષય અથવા દુષ્ટ વિષયોમાં પોતાની ઇચ્છા છોડી દે અથવા ઉત્તમ કમ કરવાવાળો નીચ કમ કરે નીચ કર્મ કરનાર ઊંચ કર્મ કરવા લાગે તથા આંખોને હાથથી ઢાંકીને ચંદ્રિકા સદૃશ તિલયુક્ત અનુભવસિદ્ધ ન દેખે તો તેનું પણ અરિષ્ટ જાણવું ॥ ૧૩ ॥

अक्षैर्लक्षितलक्षणेन पयसा पूर्णेन्दुना भानुना पूर्वादक्षिण-पश्चिमोत्तरादिशां षड्द्वित्रिमासैककम् ॥ छिद्रं पश्यति चेत्तदा दशदिनं धूम्राकृतिं पश्चिमे ज्वालां पश्यति सद्य एवं मरणं कालोचितज्ञानिनाम् ॥ १४ ॥

જે રોગી પાણીમાં પૂર્ણ ચંદ્રમા તથા સૂર્યનાં પ્રતિબિંબને પૂર્વ અથવા દક્ષિણ અથવા પશ્ચિમ વા ઊતરમાં છિદ્ર દેખે તો અનુક્રમથી ૬, ૩, ૨, ૧, માસ જીવે તથા સૂર્ય ચંદ્ર ધુમ્ર દેખે તો દશ દિવસ અથવા તત્કાળ અને સૂર્ય ચંદ્રના પ્રતિબિંબને પશ્ચિમ તથા જવાળા દેખે તો જરૂર મૃત્યુ થાય તેમ કાળને જાણનારા લોકોનું કહેવું છે ॥ ૧૪ ॥

॥ આ દત્તાત્રેયતંત્રનું ચૌદમું પટલ સમાપ્ત થયું ॥

अथ पंचदशः पटलः ॥ १५ ॥

तत्र अनाहारः । ईश्वर उवाच ।

अंत्राणि कृकलासस्य करंजस्य च बीजकम् ॥
पिष्ट्वा तु वटिकां कृत्वा त्रिलोहेन तु वेष्टयेत् ॥ १ ॥

આ પંદરમાં પટલમાં અનાહાર પ્રયોગ લખાય છે.

શંકર કહે છે કે હે દત્તાત્રેય કૃકલાનાં આત્રણ અને કરંજનું બીજ તેને વાટી પછી તેની ગોળી બનાવી ॥ ૧ ॥

तां वक्त्रे धारयेद्योसौ क्षुत् पिपासा न बाध्यते ॥
यस्मैकस्मै न दातव्यं नान्यथा शंकरोदितम् ॥ २ ॥

તે ગોળીને મુખમાં રાખવાથી ભુખ તથા તરસ નહી લાગે આ પ્રયોગ સર્વેને નહી બતાવવો કારણ કે શંકરનું કહેલું વચન અસત્ય નથી ॥ ૨ ॥

पद्मबीजं महाशालिं छागीदुग्धेन पेषयेत् ॥
साज्यं तत्पायसं कृत्वा भोजनं द्वादशं दिनम् ॥ ३ ॥

કમલનું બીજ મહાશાલી તે બેયને બકરીના દુધમાં રાંધી તેમાં દુધ નાખી તે ખીરને બાર દીવસ સુધી ખાવી ॥ ૩ ॥

अपामार्गस्य बीजानि दुग्धाज्याभ्यां च पाचयेत् ॥
पायसो महिषीक्षीरैर्भुक्तो मासक्षुधापहः ॥ ४ ॥

તથા અધાડાનાં બીજ લઈને દુધ તથા ઘીમાં મેળવી પછી તેને રાંધી ખીરદુધ ભેંસનુ લેવું. તે ખીર એક મહિના સુધી જે માણુસ ખાય તેને ભુખ નહી લાગે ॥ ૪ ॥

कोकिळाक्षस्य बीजानि विजयाबीजसंयुतम् ॥
तांबूलमूलसंयुक्तं तथा घृतविमिश्रितम् ॥ ५ ॥

તાલમખાનનાં બીજ, ભાંગનાં બીજ તથા પાન અને ઘી મેલવી ॥ ૫ ॥

छागीदुग्धेन संपेष्य वटिकां क्रियते नरः ॥
भक्षणं प्रातरुत्थाय क्षुत्पिपासा न बाध्यताम् ॥ ६ ॥

બકરીના દુધમાં વાટી તેની ગોળી કરવી અને તે ગોળીને સવારમાં ઊઠીને ખાય તો તેને ભુખ તથા તરશ બાધ નહી કરે ॥ ૬ ॥

पद्मबीजं ह्यपामार्गतुलसीमूलसंयुतम् ॥
धात्रीबीजं तु संयुक्तं वटिकां क्रियते नरः ॥ ७ ॥

કમલનાં બીજ, અધાડાનાં બીજ, તુલસીની જડ, આંમળાંનાં બીજ સર્વેને મેળવી પછી તેને વાટીને ગોળી કરવી ॥ ૭ ॥

तस्य भक्षणमात्रेण तस्योपरि गवां पयः ॥
क्षुत्पिपासा हरेन्नित्यं नान्यथा शंकरोदितम् ॥ ८ ॥

તે ગોળી ખાઇને તેના ઊપર ગાયનું દૂધ પીવાથી ભુખ તથા તરશનો નાશ થાય આ શંકરનું કહેલ વચન અસત્ય નથી ॥ ૮ ॥

एरंडसरसैः पत्रैः पुष्पैश्चापि सुलक्षयेत् ॥
तस्मात्कन्दं समादाय ताम्बूले दृढमाततः ॥ ९ ॥

એરંડાના કોમલ પાંદડાં અથવા ફુલ લઇને કંદની સાથે વાટી પછી સારા પાનની અંદર રાખી. ॥ ૯ ॥

भक्षणं प्रातरुत्थाय क्षुत्पिपासाहरं परम् ॥
अनाहारप्रयोगोयं साक्षच्छंकरभाषित्ः ॥ १० ॥

સવારે ઊઠીને ભક્ષણ કરે તો ભુખ તથા તરસ દુર થાય આ અનાહાર પ્રયોગ સાક્ષાત્ શિવજીયે કહેલ છે ॥ ૧૦ ॥

॥ આ દત્તાત્રેયતંત્રનું પંદરમું પટલ સમાપ્ત થયું ॥

॥ अथ षोडशः पटलः ॥ १६ ॥

तत्राहारम् । ईश्वर उवाच ।

बन्धूकस्य च वृक्षस्य पिष्ट्वा पुष्पफलैर्युतम् ॥
योसौ भुंक्ते घृतैः सार्द्धं भोजनं भीमसेनवत् ॥ १ ॥

આ સોલમાં પટલમાં આહાર પ્રયોગ લખાય છે.

શંકર કહે છે કે હે દત્તાત્રેય બંધુક વૃક્ષના ફલ તથા પુલને વાટીને ઘીની સાથે ભક્ષણ કરે તો ભીમસેનના જેટલો આહાર કરે ॥ ૧ ॥

शनौ बिभीतवृक्षस्य संध्यायामाभिमंत्रितम् ॥
प्रातः पत्राणि संगृह्य भोजनोंघ्रितले न्यसेत् ॥ २ ॥

તથા શનિવારને દીવસે સંધ્યા વખતે બહેડાના વૃક્ષ આગળ જઈને નીમંત્રણ કરી આવી રવિવારને દીવસે તેના પાંદડાં તોડી લાવવાં પછી તે પાંદડાં જમતી વખતે પોતાના પગ તળે દબાવીને ભોજન કરવું ॥ ૨ ॥

आहारे सत्प्रयोगोयं भोजनं भीमसेनवत् ॥
यस्मै कस्मै न दातव्यं सिद्धियोगमुदाहृतम् ॥ ३ ॥

તો જમવામાં આ ઉત્તમ પ્રયોગ છે અને તેનો આહાર ભીમસેનના જેટલો થશે આ પ્રયોગ સર્વને નહિ કહેવો ॥ ૩ ॥

गृहीत्वा मंत्रितं मंत्री बिभीततरुपल्लवम् ॥
धारयेद्दक्षिणे हस्ते बसस्त्वाहारमुग्भवेत् ॥ ४ ॥

अथ मंत्रः ॐ नमः सर्व भूताधिपतये हुं फट् स्वाहा ॥

ઉપરનો મંત્ર ભણીને પવિત્રતા પૂર્વક બહેડાના પાંદડાં તોડી લાવવાં અને જમણે હાથે તે પાંદડાંને બાંધી ભોજન કરે તો ઘણુંક ભોજન કરી શકશે ॥ ૪ ॥

॥ આ દત્તાત્રેયતંત્રનું સોલમું પટલ સમાપ્ત થયું. ॥

अथ सप्तदशः पटलः ॥ १७ ॥

तत्र निधिदर्शनम् । ईश्वर उवाच ।

शिरीषवृक्षपंचांगं कटुतैलेन पाचितम् ॥
विषं चैव समायुक्तं धत्तुरं बीजसंयुतम् ॥ १ ॥

આ સતરમાં પટલમાં નિધિદર્શન કહેવાશે ॥

શંકર કહે છે કે હે દત્તાત્રેય શિરષના વૃક્ષનું પંચાંગ લઇને કડવા તેલમાં કકડાવી તેમાં વિષ તથા ધતૂરાનાં બી લઇને મેળવવાં ॥ ૧ ॥

पंचांगं करवीरं च श्वेतगुंजासमन्वितम् ॥
उल्लूविष्ठासमायुक्तं गन्धकं च मनःशिला ॥ २ ॥

ત્યારબાદ કરેણનું પંચાંગ એટલે મૂલ, ફળ, ફુલ, પાંદડા ને કાષ્ટ લઇ તેમાં સફેદ ચણોઠી તથા ઘુવડની વીષ્ટા મેળવવી તથા ગંધક અને મનશીલ પણ મેળવવો ॥ ૨ ॥

धूपं दत्त्वा जपेन्मंत्रं निधिस्थाने विशेषतः ॥
पलायन्ते निधिं त्यक्त्वा यथा युद्धेषु कातराः ॥ ३ ॥

તેનો ધુપ દઇને જે જગાએ દ્રવ્ય હોય તે જગાએ મંત્ર જપે તો દ્રવ્યને છોડીને જેમ કાયર મનુષ્ય યુદ્ધમાંથી નાસે છે ॥ ૩ ॥

राक्षसैर्भूतवेतालैर्देवदानवपन्नगैः ॥
सुखेनाशु निधिं प्राप्य परमानन्दभुग्भव ॥ ४ ॥

अथमंत्रः ॐ नमो विघ्न विनाशाय निधि दर्शनं कुरुकुरु स्वाहा ॥

તેમજ રાક્ષસ, ભૂત, વૈતાળ, દેવતા, દાનવ અને નાગ વીગેરે સર્વે તે દ્રવ્યને ત્યજી દે છે તેથી તે દ્રવ્યને મેળવીને પરમાનંદ પ્રાપ્ત થાય છે ॥ ૪ ॥

॥ आ दत्तात्रेयतंत्रनुं सत्तरमुं पटल समाप्त थयुं ॥

अथ अष्टादशः पटलः ॥ १८ ॥

तत्र वंध्यापुत्रवतीकरणम् । ईश्वर उवाच ।

जन्मवंध्या काकवंध्या मृतवत्सा कचित्स्त्रियः ॥
तासां पुत्रोदयार्थं च शंभुना कथितं पुरा ॥ १ ॥

હવે આ અઢારમાં પટલમાં વંધ્યાને પુત્ર થવાનું લખાય છે. ॥

શંકર કહે છે હે દત્તાત્રેયજી વંધ્યા ઘણા પ્રકારની હોય છે. જન્મવંધ્યા, કાકવંધ્યા, મૃતવત્સા, તેમાં કોઈ સ્ત્રી જન્મ વંધ્યા હોય છે કે જેને કદી પુત્રોત્પત્તિ નથી થતી. કોઈ કાકવંધ્યા પણ હોય છે એટલે એકવાર પુત્રોત્પત્તિ થઇને પછી ન થાય—કોઈ મૃતવત્સા હોય છે એટલે જેટલા સંતાન થાય તે સર્વેનો નાશ થાય. હવે તેને પુત્રવંતિ થવાનો ઊપાય શંકરે કહેલો છે તે કહેવાય છે ॥૧॥

पत्रमेकं पलाशस्य गर्भिणीपयसान्वितम् ॥
ऋत्वन्ते तानि पीतानि वंध्यापुत्रवती भवेत् ॥ २ ॥

પલાશનું એક પાંદડું લઇને ગર્ભિણી સ્ત્રીના દુધમાં વાટીને ઋતુના અંતમાં વંધ્યા સ્ત્રી પીયે તો તેને ગર્ભ રહે ॥ २ ॥

एवं सप्तदिनं कुर्याच्छोकोद्वेगविवर्जितम् ॥
पतिसंगगता सा च नात्र कार्या विचारणा ॥ ३ ॥

એવી રીતે સાત દીવસ સુધી શોક અને ઉદ્વેગરહિત થઇને પોતાના પતિની સાથે આનંદથી વીલાસ ભોગવે તો તેને જરૂર પુત્ર થાય તેમાં સંશય નહિ રાખવો ॥ ३ ॥

समूलपत्रां सर्पाक्षीं रविवारे समुद्धरेत् ॥
एकवर्णगवां क्षीरैः कन्याहस्तेन पेषयेत् ॥ ४ ॥

મૂળ તથા પાંદડા સહિત સર્પાક્ષિ વૃક્ષને રવિવારના દીવસે લાવીને કુંવારી કન્યાની પાસે એક રંગની ગાયના દૂધમાં વટાવે ॥૪॥

ऋतुकाले पिबेद्वन्ध्या पलार्धं तद्दिने दिने ॥
क्षीरशाल्यन्नमुग्दं च लघ्वाहारं प्रदापयेत् ॥
एवं सप्तदिनं कृत्वा वन्ध्या भवति पुत्रिणी ॥ ५ ॥

પછી ઋતુ કાલના અંતમાં પ્રતિ દીવસ વંધ્યા સ્ત્રી અરધા પલના પ્રમાણથી સેવન કરે તથા દૂધ, ચોખા, મગ આદિ હલકા પદાર્થનો આહાર કરે એ પ્રકારે સાત દીવસ કરવાથી વંધ્યા સ્ત્રી પુત્રવાળી થાય છે ॥ ५ ॥

उद्वेगं च भयशोकं व्यायामं च विसर्जयेत् ॥
अनंगमुष्णशीतं च दिवानिद्रां विवर्जयेत् ॥ ॥ ६ ॥

ઉદ્યોગ-ભય-શોક-કસરત કદિ પણ ન કરવી. તથા પતિનો સંગ, ગર્મી, શરદી, દીવસે શયનાદિ ન કરવાં ॥ ६ ॥

न कर्म कारयेत्किंचिद्वर्ज्जयेच्छीतमातपम् ॥ ७ ॥

અથવા મહેનત ભરેલું કામ નહિં કરવું. તથા જે કામમાંથી ગર્મી-શરદી થતી હોય તે કામ છોડી દેવું ॥ ७ ॥

न तया परमां सेवां कारयेत्पूर्ववत्क्रियाम् ॥

पतिसंगात् गर्भलाभो नात्र कार्या विचारणा ॥ ८ ॥

એ પ્રકારે ઊપર કહેલા નીયમોથી રહીને પોતાના પતિના સંગથી સ્ત્રી ગર્ભવંતિ થશે તેમાં કાંઇપણ વિચાર નહિ કરવો ॥૮॥

एकमेव तु रुद्राक्षं सर्पाक्षीकर्षमाकम् ॥
पूर्ववच्च गवां क्षीरैर्ऋतुकाले प्रदापयेत् ॥ ९ ॥

એક રુદ્રાક્ષ બે તોલા સર્પાક્ષી તથા એક રંગવાલી ગાયના દૂધમાં વંધ્યા સ્ત્રીને રૂતુ કાલમાં આપવાથી ગર્ભ રહેશે ॥ ૯ ॥

महागणेशमंत्रेण रक्षां तस्याश्च कारयेत् ॥ मंत्रः ॥
ॐमदनमहागणपते रक्षामृतं मृत्सुतं देहि ॥ १० ॥

તથા ગણુપતિના મંત્રથી રક્ષા બાંધવી. ॐ मदनमहा गणपते रक्षामृतं मृत्सुतंदेहि એ મંત્રથી રક્ષા સ્ત્રીયે બાંધવી ॥ ૧૦ ॥

कदम्बपत्रं श्वेतं च बृहतीमुलमेव च ॥
एतानि समभागानि अजाक्षीरेण पेषयेत् ॥ ११ ॥

કંદબનાં સફેદ પાંદડાં તથા બૃહતી મૂલ બંન્ને સરખે ભાગે લઈને બકરીના દુધમાં વાટવાં ॥ ૧૧ ॥

त्रिरात्रं पंचरात्रं वा पिबेदेवं महौषधीम् ॥
सत्यं पुत्रवती वंध्या नान्यथा शंकरोदितम् ॥ १२ ॥

પછી ત્રણુ દીવસ અથવા પાંચ દીવસ આ મહાન ઔષધી પીવાથી વંધ્યા સ્ત્રી પુત્રવાળી થાય આ શંકરનું કહેલ વચન અસત્ય નથી ॥ ૧૨ ॥

कृष्णापराजितामूलमजाक्षीरेण संपिबेत् ॥
ऋतुस्नाता त्रिधा या तु वन्ध्या गर्भधरा भवेत् ॥१३॥

કાલી વિષ્ણુકાંતાની જડ બકરીના દૂધમાં વાટીને રૂતુ-વાળી સ્ત્રીને ત્રણુ દીવસ આપવાથી વંધ્યા સ્ત્રી ગર્ભવંતિ થાય છે. ॥ ૧૩ ॥

तुरंगगन्धाघृतवारिसिद्धं साज्यं पयःस्नानादिने च पीत्वा ॥
प्राप्नोति गर्भं विषयं चरन्ती वन्ध्यापि पुत्रं पुरुषप्रसंगात् ॥
१४ ॥ सपिप्पलीकेशरशृंगबेरं क्षुद्रायणं गव्यघृतेन पीतम् ॥
वन्ध्यापि पुत्रं लभते हठेन योगोत्तमोयं हि शिवेन मोक्तः १५

આસગંધને લઇને ઘી તથા પાણીમાં સિદ્ધ કરીને ઋતુ કાળના દીવસમાં ઘી તથા દૂધની સાથે વાટીને તે પી જવું ત્યાર બાદ પોતાના પતિની સાથે વિલાસ કરવાથી વંધ્યા સ્ત્રીને ગર્ભ રહે છે. સુતી વખતે ઘીનું પાન કરવું ॥ ૧૪ ॥

પીપળ, નાગકેશર, સુંઠ, મરી આ સર્વ વસ્તુઓ લઇને ગાયના ઘીમાં વાટી તેને ખાવાથી વંધ્યા સ્ત્રીને પણ પુત્ર થાય છે. આ ઉત્તમ પ્રયોગ શંકરે વર્ણુન કરેલો છે ॥ ૧૫ ॥

॥ આ દત્તાત્રેયતંત્રનું અઢારમું પટલ સંપૂર્ણ થયું ॥

अथैकोनविंशतितमः पटलः ॥ १९ ॥

तत्र मृतवत्सासुतजीवनम् । ईश्वर उवाच ।
गर्भसंजातमात्रेण पक्षान्मासाच्च वत्सरात् ॥
म्रियते द्वित्रिवर्षाद्वा यस्याःसा मृतवत्सिका ॥ १ ॥

આ ૧૯ મા પટલમાં મૃતવત્સા સ્ત્રીના પુત્ર જીવવાનો ઊપાય કહેવાશે.

શંકર કહે છે કે ગર્ભથી ઊત્પન્ન થઇને એક પક્ષ તથા એક મહીનો અથવા એક વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષનું બાળક થઇને મરી જાય તેને મૃતવત્સા સ્ત્રી કહેવી ॥ ૧ ॥

गृहीत्वा शुभनक्षत्रे अपामार्गस्य मूलकम् ॥
गृहीत्वा लक्ष्मणामूलमेकवर्णगवां पयः ॥ २ ॥

સારા નક્ષત્રમાં અઘાડાનું મૂળ તથા લક્ષ્મણાનું મૂળ લાવી એક રંગની ગાયના દૂધની સાથે ॥ ૨ ॥

पीत्वा सा लभते गर्भं दीर्घजीवी सुतो भवेत् ॥
यस्मै कस्मै न दातव्यं नान्यथा मम भाषितम् ॥ ३ ॥

પીયે તો મૃતવત્સા ઘણી આયુષ્યવાળા પુત્રને પ્રાપ્ત કરે. આ પ્રયોગ સર્વેને નહી બતાવવો કારણ કે શંકરનું કહેલું વચન અસત્ય ન થાય ॥ ૩ ॥

वंध्याकर्कोटिकाकंदं भृंगराजेन पेषयेत् ॥
ऋतुकाले त्र्यहं पीत्वा दीर्घजीविसुतं लभेत् ॥ ४ ॥

જો વંધ્યા સ્ત્રી શાકર કોળાનું મૂળ લઇને ભાંગરાના રસમાં વાટી ત્રણ દીવસ પીયે તો ઘણા આયુષ્યવાળો પુત્ર થાય ॥ ૪ ॥

या बीजपूरद्रुममूलमेकं क्षीरेण सिद्धं हविषा विमिश्रम् ॥
ऋतौ निपीय स्वपतिं प्रयाति दीर्घायुषं सा तनयं प्रसूते ॥ ५ ॥

અથવા દાડમના વૃક્ષનું મૂળ લઇને દૂધની સાથે સિદ્ધ કરીને તેમાં ઘી મેળવીને ઋતુ સમય તેનું પાન કરીને પોતાના પતિની સાથે વિલાસ કરવાથી ઘણું જીવવાવાળો પૂત્ર ઉત્પન્ન કરે ॥ ૫ ॥

मार्गशीर्षेऽथवा ज्येष्ठे पूर्णायां लेपिते गृहे ॥
नूतनं कलशं पूर्णं गन्धतोयेन कारयेत् ॥ ६ ॥

માગશીર્ષ અથવા જેષ્ટ મહિનાની પુનમના દીવસે પોતાનું ઘર પવિત્ર કરી પછી નવો કલશ લઇને તેમાં જળ તથા સુગંધીત ચંદન નાખવું ॥ ૬ ॥

कदलीस्तंभसंयुक्तं नवरत्नसमन्वितम् ॥
सुवर्णमुद्रिकायुक्तं षट्कोणमंडलस्थितम् ॥ ७ ॥

કેળના સ્થંભયુક્ત વેદી હોય, કળશ નવ રત્નયુક્ત હોય, તથા સોનાની મુદ્રિકાયુક્ત ષટ્કોણ મંડળમાં સ્થાપન કરેલો હોય, ॥૭॥

तन्मध्ये पूजयेद्देवीमेकान्ते नामविश्रुताम् ॥
गन्धपुष्पाक्षतैर्धूपैर्दीपैर्नैवेद्यसंयुतैः ॥ ८ ॥

તે મધ્ય એકાંતમાં નામ દઇને દેવીયોનું ચંદન, ફૂલ, ચોખા, ધૂપ, દીપ, નૈવેદ્ય સહિત પૂજન કરવું ॥૮॥

वाराही च तथा चद्री ब्राह्मी माहेश्वरी तथा ॥
कौमारी वैष्णवी देवी षट्सु पत्रेषु मातरः ९ ॥

વારાહી, ઐન્દ્રી, બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, આ દેવીઓનું ષટ્કોણમાં સ્થાપન કરેલું છે તેમનું યથાવિધિયે પૂજન કરવું ॥૯॥

पूजयेन्मंत्रभावेन तथा सप्तदिनावधि ॥
अष्टमेह्नि सुतं चैकं कन्यानवकसंयुतम् ॥ १० ॥

મંત્ર (૧૨ મા શ્લોકમાં છે તે) વડે ભાવથી સાત દીવસ સુધી પૂજન આઠમે દીવસે એક બટુક તથા નવ કન્યાયોને ॥૧૦॥

भोजयेद्दक्षिणां दद्यात्पश्चात्कृत्वाभिवादनम् ॥
विसृज्य देवतां चाथ नद्यां तत्कलशादिकम् ॥ ११ ॥

ભોજન કરાવી દક્ષણા આપી પછી તેને નમસ્કાર કરવો. ત્યારબાદ જે દેવતાની પ્રતિષ્ટા કરિ હોય તેને તથા કળશને નદીમાં વિસર્જન કરે ॥ ૧૧ ॥

प्रतिवर्षमिदं कुर्याद्दीर्घजीवी सुतो भवेत् ॥
सिद्धियोगमिदंज्ञानं साक्षाच्छंकरभाषितम् ॥ १२ ॥

अथ मंत्रः ॐ परब्रह्मपरमात्मने अमुकीगृहे दीर्घजीविसुतं कूरु कूरु स्वाहा ॥

વર્ષે વર્ષે આ ઉપાય કરવો. તેથી પુત્ર ઘણુ આયુષ્યવાળો થશે. તત્કાલ સિદ્ધિ આપવાવાળો આ પ્રયોગ શ્રીશંકરે કહેલો છે ॥૧૨॥

॥ आ दत्तात्रेयतंत्रनुं ओगणीशमुं पटल समाप्त थयुं ॥

अथ विंशातितमः पटलः ॥ २७ ॥

तत्र काकवन्ध्याचिकित्सा । ईश्वर उवाच ।

पूर्वं पुत्रवती भूत्वा पश्चान्नो भूयते यदि ॥
काकवंध्या च सा ज्ञेया चिकित्सास्याश्च कथ्यते ॥ १ ॥

આ વિશમા પટલમાં કાકવંધ્યા સ્રીની ચિકિત્સા કહે છે.

શંકર કહે છે કે હે દત્તાત્રેય પ્રથમ એક વખત પુત્ર થઇને ત્યારબાદ કાંઈ પણ સંતતિ ન થાય તેને કાકવંધ્યા કહે છે તેની ચિકિત્સા કહેવાય છે ॥ ૧ ॥

विष्णुक्रान्तां समूलां तु पिष्ट्वा दुग्धैस्तु माहिषैः ॥
महिषीनवनीतेन ऋतुकाले च भक्षयेत् ॥ २ ॥

વિષ્ણુક્રાંતાના મૂળને લાવી ભેંસના દુધમાં વાટીને ઋતુ વખતે ભેંસના માંખણની સાથે ભક્ષણ કરવાથી કાકવંધ્યા સ્રી ફરીથી ગર્ભવંતિ થાય છે. ॥ ૨ ॥

एवं सप्तदिनं कुर्यात् पथ्यमुक्तं च पूर्ववत् ॥
सा गर्भं लभते नारी काकवंध्या सुशोभनम् ॥ ३ ॥

આ પ્રકારે સાત દીવસ પર્યંત સેવન કર્યાથી પૂર્વે જે પથ્ય કહેલું છે તે પાળે તો કાકવંધ્યા સ્રી ફરી સુંદર ગર્ભને ધારણ કરશે ॥ ૩ ॥

अश्वगंधीयमूलं तु ग्राहयेत्पुष्यभास्करे ॥
योजयेन्माहिषीक्षीरैः पलार्धं भक्षयेत्सदा ॥ ४ ॥

રવિવાર અને પુષ્ય નક્ષત્રમાં અશ્વગંધીનું મૂળ લાવીને ભેંસના દૂધમાં વાટી પછી અરધી પલ લઇને દરરોજ ખાય ॥૪॥

सप्ताहाल्लभते गर्भं काकवन्ध्या न संशयः ॥
यस्मैकस्मै न दातव्यं नान्यथा मम भाषितम् ॥ ५ ॥

સાત દીવસ એવી રીતે સેવન કરવાથી કાકવંધ્યા સ્રી

જરૂર ગર્ભને ધારણ કરશે આ ઉત્તમ પ્રયોગ સર્વેને નહી બતાવવો. કારણ કે શંકરનું કહેલ વચન અન્યથા નહી થાય ॥ ૫ ॥

આ દત્તાત્રેયતંત્રનું વિશમું પટલ સમાપ્ત થયું ॥

अथैकविंशतितमः पटलः ॥ २१ ॥

तत्र जयोपायः । ईश्वर उवाच ।

मार्गशीर्षस्य पुर्णायां शिखीमूलं समुद्धरेत् ॥
बाहौ शिरसि वा धार्य विवादे विजयी भवेत् ॥ १ ॥

આ એકવીશમા પટલમાં જયોપાય કહેવાશે શંકર કહે છે કે માર્ગશીર્ષ મહિનાની પૂર્ણિમાને દીવશે શિખીમૂળ લાવીને પછી તેને હસ્ત અથવા મુસ્તક ઊપર ધારણ કરીને જે વિવાદ કરે તો જય પામે ॥ ૧ ॥

करे सुदर्शनं मूलं बद्धा रणकुले जयी ॥
आर्द्रायां वटवृन्दाकं हस्ते बद्धाऽपराजितः ॥ २ ॥

હાથમાં સુદર્શન વૃક્ષનું મૂળ લાવીને બાંધી રણ સંગ્રામમાં જાય તો જય થાય તથા આર્દ્રા નક્ષત્રમાં વડ વૃક્ષની છાલને હાથમાં બાંધવાથી જય થાય ॥ ૨ ॥

तद्रक्षे चूतवृन्दाकं गृहीत्वा धारयेत्करे ॥
संग्रामे जयमाप्नोति जयां स्मृत्वा जयी तथा ॥ ३ ॥

અથવા આબાંના ઝાડની બાંદા લઈને હાથે બાંધવાથી સંગ્રામમાં વિજય થાય તથા વિજયાનું સ્મરણ કરવાથી પણ જય થાય ॥ ૩ ॥

कृत्तिका च विशाखा च भौमवारेण संयुता ॥
तद्दिने घटितं वस्त्रं संग्रामे जयदायकम् ॥ ४ ॥

કૃતિકા, વિશાખા મંગળવારને દીવસે વસ્ત્ર પવિત્ર કરીને વસ્ત્ર પહેરી સંગ્રામમાં જાય તો વિજય પામે ॥ ૪ ॥

गृहीत्वा पुष्यनक्षत्रे श्वेतगुंजा च मूलकम् ॥
धारयेद्दक्षिणे हस्ते संग्रामे विजयी भवेत् ॥ ५ ॥

પુષ્પ નક્ષત્રમાં સફેદ ચણોઠીનાં મૂળ લાવીને દક્ષિણ હાથે ધારણ કરવાથી રણ સંગ્રામમાં જય પ્રાપ્ત થાય ॥ ૫ ॥

धत्तूरं करवीरं च अपामार्गस्य मूलकम् ॥
हरतालसमायुक्तं तिलकं सुदिने कृतम् ॥ ६ ॥

ધતૂરો, કનેર, અઘાડાનું મૂળ લાવી હરતાલ સહિત સારા દીવસે તીલક કરવાથી ॥ ૬ ॥

अजाक्षीरेण संपेष्य रणराजकुले जयी ॥
विरोधे दूतकार्ये च नान्यथा शंकरोदितम् ॥ ७ ॥

તથા ઊપર કહેલી વસ્તુઓને બકરીનાં દૂધમાં વાટી કપાળમાં તીલક કરવાથી રણમાં તથા રાજ્યસભામાં જવાથી વિજય થાય છે. આ જય પ્રયોગ વિરોધમાં તથા ચાકરનું કાર્ય કરવું હોય તેમાં વિજય કરે છે. આ પ્રયોગ શંકરનો કહેલ છે તેથી અસત્ય નથી ॥ ૭ ॥

॥ इती दत्तात्रेयतंत्रनुं एकविशमुं पटल समाप्त थयुं ॥

॥ अथद्वाविंशतितमः पटलः ॥ २२ ॥

तत्र वाजीकरणम् । ईश्वर उवाच ॥

वल्कलं चूतवृक्षस्य पात्रे मृण्मयानिक्षिपेत् ॥
तस्योपरि जलं क्षिप्तं ततो वस्त्रेण रक्षयेत् ॥ १ ॥

આ બાવિશમા પટલમાં વાજીકરણુ પ્રયોગ કહેવાશે, શંકર કહે છે કે આંબાના વૃક્ષની વલ્કલ લાવીને માટીના વાસણુમાં રાખી તેમાં જળ રેડી લુગડાથી ઢાંકી દેવું ॥ ૧ ॥

मातर्दुग्धेन सहितं यः पिबेन्मकरध्वजः ॥
धातुवृद्धिकरं लोके बलपुष्टिकरं तथा ॥ २ ॥

પછી સવારે ગાયના દૂધની સાથે જે કામી માણુસ પીયે તો ધાતુની વૃદ્ધી થશે તથા શરીર પણુ પુષ્ટ થશે ॥ ૨ ॥

कुमारीकंदमादाय गोक्षीरेण च यः पिबेत् ॥
बलपुष्टिकरं धातुर्जायते नात्र संशयः ॥ ३ ॥

કુંવારના કંદ લાવીને ગાયના દૂધની સાથે જે માણુસ પીયે તે માણુસ નિસંદેહથી પુષ્ટ અને બળવાન થઇને ધાતુની વૃદ્ધિ કરશે ॥ ૩ ॥

गृहीत्वा च रवौ वारे भिंडीकासु च पुर्ववत् ॥
छायाशुष्कं च तच्चूर्णं अश्वगन्धसमन्वितम् ॥ ४ ॥

રવીવારને દીવસે ઉપર પ્રમાણે ભીંડા લાવીને છાયામાં સુકવી તેનું ચૂર્ણુ કરી તેમાં આસગંધ મેળવે ॥ ૪ ॥

मुशली गोक्षुरं चैव विजयाबीजसंयुतम् ॥
एकवर्णगवां क्षीरे यः पिबेट्टंकमात्रकम् ॥ ५ ॥

ત્યારબાદ મુશલી, ગોખરૂ અને ભાંગનાં બીજ મેળવી ચૂર્ણુ કરી લેવું પછી જે માણુસ એક રંગની ગાયના દૂધની સાથે ચાર માસા પીયે ॥ ૫ ॥

बलपुष्टिकरं देहे स्तंभनं धातुवृद्धिकृत् ॥
सिद्धियोगमिदं तत्र कामदेवो भवेन्नरः ॥ ६ ॥

તો બળ અને પુષ્ટી તથા ધાતુ સ્તંભન કરે. આ પ્રયોગ સીદ્ધી દેવાવાળો છે. આ પ્રમાણે કરવાથી મનુષ્ય કામદેવના જેવો બની જાય છે ॥ ૬ ॥

अश्वत्थफलं संग्राह्य छायाशुष्कं तु कारयेत् ॥
पिबेत्तसं दुग्धसार्द्धं जायते मकरध्वजः ॥ ७ ॥

પીંપળાના ટેટાને છાયામાં સુકવી દૂધની સાથે પીએ તે મહા કામદેવના તુલ્ય બળવાન થઈ જાય ॥ ૭ ॥

गृहीत्वा ह्यमृतामूलं रविवारेऽभिमंत्रितम् ॥
तस्य सत्वं शुष्कच्छाया शर्कराभक्षणाद्बली ॥ ८ ॥

ગળોના મૂળને રવીવારને દીવશે અભિમંત્ર (મંત્ર ૯ મા શ્લોકની ટીકામાં છે તે.) કરીને લાવવું પછી તેનું સત્વ કાઢીને છાયામાં સુકવવું, પછી તેને સાકરની સાથે ખાવાથી બળ પ્રાપ્ત થાય છે ॥ ૯ ॥

महासौख्यकरं पुंसां तस्योपरि गवां पयः ॥
यस्मैकस्मै न दातव्यं नान्यथा शंकरोदितम् ॥ ९ ॥

તેની ઉપર ગાયનું દૂધ પીવું આ પ્રયોગ મહાસુખને આપવાવાળો છે તેથી સર્વેને નહી બતલાવવો. શંકરનું કહેલ તે અસત્ય ન હોય ॥ ૯ ॥ अथमंत्रः ॐ नमो भगवते अमुक बल पराक्रमं कुरु कुरु स्वाहा ॥

॥ इति दत्तात्रेयतंत्रनुं बावीशमुं पटल समाप्त थयुं ॥

॥ अथत्रयोविंशतितमः पटलः ॥ २३ ॥

तत्र द्रावणादिकथनम् । ईश्वर उवाच ।

सिता चौशीर तगरं कुसुंभं क्षौद्रलेपनम् ॥
द्रावणं कुरुते स्त्रीणां विना मंत्रेण सिद्ध्यति ॥ १ ॥

આ ત્રેવિશમા પટલમાં દ્રવિણ પ્રયોગ કહેવાશે, શંકર કહે છે કે હે દત્તાત્રેય ! સાકર, ચૌશીર, તગર, કુશુંભ, મધ તે સર્વેનો

લેપ ગુહ્યેંદ્રિય ઉપર કરીને સ્ત્રી સંભોગ કરે, તો સ્ત્રી જલદી સ્ખલીત થઇ જાય. આ પ્રયોગ મંત્ર વગરનો છે ॥ ૧.

बृहतीफलमुलानि पिप्पलीमरिचानि च ॥
मधुना रोचना सार्द्धं लिंगलेपो द्रवः स्त्रियाः ॥ २ ॥

બૃહતીનાં મૂળ તથા ફલ, પીપર, મરી, મધ, ગોરોચન તેનો લેપ ગુહ્યેંદ્રિય ઊપર કરી, સ્ત્રી સંભોગ કરે તો સ્ત્રી સ્ખલીત થઇ જાય ॥ ૨॥

क्षौद्रं गंधकलेपन शिलायत्नेन लेपयेत् ॥
यस्मैकस्मै न दातव्यं नान्यथा शंकरोदितम् ॥ ३ ॥

મધ, ગંધક, તેને પથર ઊપર વાટી પછી લેપ કરે તો સ્ત્રી સ્ખલીત થાય. આ પ્રયોગ સર્વેને નહી કહેવો શંકરનું કહેલ અસત્ય ન હોય ॥ ૩ ॥

अथ वीर्यस्तंम्भनम् ।

कर्पुरटंकणं सूततुल्यं मुनिरसं मधु ॥
मर्दयित्वा लिपेल्लिंगं स्थित्वा यामं तथैव च ॥

કપુર, ટંકણ, પારો, અગસ્ત્યના ફુલનો રસ, મધ આ વસ્તુઓ સરખે ભાગે લેવી, પછી વાટીને લીંગ ઉપર લેપ કરી એક પહોર રાખે ॥ ૪ ॥

ततः प्रक्षालयेल्लिंगं रमेद्रामां यथोचिताम् ॥
वीर्यस्तंभकरं पुंसां सम्यङ्नागार्जुनोदितम् ॥ ५ ॥

પછી લીંગને ધોઇને મનેચ્છા પ્રમાણે સ્ત્રીની સંગે વિલાસ કરે તો સારી રીતે વીર્યનું સ્તંભન થાય આ નાગાર્જુનનો કહેલો પ્રયોગ છે ॥ ૫ ॥

मधुना पद्मबोजानि पिष्ट्वा नाभिं प्रलेपयेत् ॥
यावत्तिष्ठत्यसौ लेपस्तावद्वीर्यं न मुंचति ॥ ६ ॥

મધની સાથે કમળ કાકડીને વાટીને, નાભી ઊપર લેપ કરે તો જ્યાં સુધી તે લેપ સુકાય નહી તથા ઊખડી જાય નહી ત્યાં સુધી વીર્ય સ્ખલીત નહી થાય ॥ ૬ ॥

सूकरस्य तु दंष्ट्राग्रं दक्षिणं च समाहरेत् ॥
कट्योपरि पटे वध्ध्वा शुक्रस्तम्भः प्रजायते ॥ ७ ॥

ભુંડની દક્ષીણ ટાઢના અગ્ર ભાગને લાવી પછી તેને વસ્ત્ર સહીત કેડમાં બાંધે પછી સ્ત્રી સંભોગ કરે તો વીર્ય સ્ખલીત નહી થાય ॥ ૭ ॥

तुलसीबीजचूर्णं तु तांबुलैः सह भक्षयेत् ॥
न मुंचति नरो वीर्यं नान्यथा शंकरोदितम् ॥ ८ ॥

અથવા તુલસીના બીનું ચૂર્ણ કરી તાંબુલની સાથે ભક્ષણ કરવાથી મનુષ્યનું વીર્ય સ્ખલિત નહી થાય આ શંકરનું કહેલ અન્યથા નહી થાય ॥ ૮ ॥

इन्द्रवारुणिकामूलं पुष्ये नग्नः समुद्धरेत् ॥
कटुत्रयैर्गवां क्षीरैः म्पिष्य गोलकीकृतम् ॥ ९ ॥

પુષ્ય નક્ષત્રમાં ઇન્દ્રાયણનું મૂળ નગ્ન થઇને લાવીને પછી સુંઠ, મરી, પીંપર લઇને ગાયના ઘીમાં વાટી તેની ગોળી કરવી.॥૯॥

छायाशुष्कं स्थितं चास्ये वीर्य्यस्तम्भकरं परम् ॥
नीलीमूलंस्मशानस्थंभकटयांबध्ध्वातुवीर्यधृक् ॥ १० ॥

પછી તે ગોળીને છાયામાં સુકવીને મુખમાં રાખવાથી વીર્ય સ્થંભન થાય છે. તથા સ્મસાનમાં ઉગેલા નીલી વૃક્ષનાં મૂળને લાવીને હાથમાં બાંધે તો વીર્ય સ્થંભન થાય છે ॥ ૧૦ ॥

रक्तापामार्गमूलं तु सोमवारे निमंत्रयेत् ॥
भौमे प्रातः समुध्धृत्य कटयां बध्ध्वा तु वीर्यधृक् ॥ ११ ॥

સોમવારને દીવસે. સંધ્યા વખતે રાતા અધાડાનાં મૂળને

નીમંત્રણ કરી પછી મંગળવારને દીવશે સવારે તેને ખોદી લાવવું. પછી તેને હાથમાં બાંધવાથી વીર્ય સ્થંભન થાય છે. ॥૧૧॥

तिलगोक्षुरयोश्चूर्णं छागीदुग्धेन पाचितम् ॥
शीतलं मधुना युक्तं खंडं खादेद्द्रवःस्त्रियाः ॥ १२ ॥

તથા તલ અને ગોખરૂનું ચૂર્ણ કરી તેને બકરીનાં દૂધમાં રાંધીને પછી ઠંડુ થાય એટલે મધને લઇને ખાવાથી સ્ત્રીનું વીર્ય સ્ખલીત થશે. પણ પુરૂષનું વીર્ય નહી સ્ખલીત થાય ॥ ૧૨ ॥

प्रक्ष्याल्यमंभसा नित्यं कृत्वामलकवल्कलैः ॥
वृद्धापि कामिनी कामं बालावत्कुरुते रतिम् ॥ १३ ॥

હમેશાં આમળાની છાલ પાણીમાં નાંખીને યોનીને ધોવાથી વૃદ્ધા સ્ત્રી પણ જુવાન સ્ત્રીની પેઠે રતિ વિલાસ કરે ॥ ૧૩ ॥

चटकांडं तु संग्राह्य नवनीतेन पेषयेत् ॥
तेन प्रलेपयेत्पादौ शुक्रस्तम्भः प्रजायते ॥ १४ ॥

ચકલીના ઇંડાંને માંખણની સાથે વાટી પછી તેનો લેપ પગના તળીયા નીચે કરે તો વીર્ય સ્થંભન થાય ॥ ૧૪ ॥

यावन्न स्पृशते भूमिं तावद्वीर्यं न मुंचति ॥
डुंडुभो नामतः सर्पः कृष्णवर्णस्तमाहरेत् ॥ १५ ॥

જ્યાં સુધી પૃથ્વી સ્પર્શ ન કરે ત્યાં સુધી વીર્ય સ્ખલીત નહી થાય. તથા ડુંડુભ નામનો જે કાળા રંગનો સર્પ થાય છે. તેનું હાડકુ લઇને ॥ ૧૫ ॥

तस्यास्थि धारयेत्कट्यां नरो वीर्यं न मुंचति ॥
विमुंचति विमुक्तेन सिद्धियोग उदाहृतः ॥ १६ ॥

કમર ઊપર બાંધવાથી સ્ત્રીની સાથે વિલાસ કરવાથી વીર્ય સ્ખલીત નહી થાય અને જ્યારે હાડકાને કમરથી છોડે એટલે સ્ખલીત થશે ॥ ૧૬ ॥

खसपलशुंठीक्वाथःषोडशशेषेणगुडेननिशिपीतः ॥
कुरुते रतौ न पीतो रेतःपतनं विनाम्लेन ॥ १७ ॥

ખશ ૧ પલ અને સુંઠના ક્વાથમાં ૧૬ મો ભાગ ગોળ મેળવીને રાત્રીયે પાન કરીને રતિ વીલાસ કરવાથી વીર્ય સ્ખલીત નહી થાય. અને જયારે ખટાઈ ખાશે ત્યારે વીર્ય સ્ખલીત થશે ॥૧૭॥

अथ केशरंजनम् ।

काश्मर्या मूलमादौ सहचरकुसुमं केतकीनां च मूलं लोहं चूर्णं सभृंगं त्रिफलजलयुतं तैलमेभिर्विपक्वम् ॥ कृत्वा वै लोहभांडे क्षितितलनिहित मासमेकं निधाय केशाः काशप्रकाशा भ्रमरकुलनिभा लेपनादेव कृष्णाः ॥ १८ ॥

કાશ્મર્યાનું મૂલ, સહુચરનું ફૂલ, કેતકીનું મૂલ, લોહચૂર્ણ, ભાંગરો, ત્રિફલાનું પાણી, તેલ આ સર્વે વસ્તુઓને લઇને લોઢાનાં વાસણમાં ભરી ઉકાળી પછી જમીનની અંદર એક મહીના સુધી ડાટવી. મહીના પછી તેને કાઢીને વાળ ઉપર લેપ કરે તો ભમરાના જેવા કાળા તથા લાંબા વાળ થશે ॥ ૧૮ ॥

त्रिफलालोहचूर्णं तु वारिणा पेषयेत्समम् ॥
द्वयोस्तुल्येन तैलेन पचेन्मृद्वग्निना क्षणम् ॥ १९ ॥

ત્રિફળા, લોહ ચુર્ણ એ બંને સરખે ભાગે લઇને જળની અંદર વાટવાં પછી તે બન્નેની બરોબર તેલ નાંખીને અગ્નીની ધીમી આંચ આપવી ॥ ૧૯ ॥

तैलतुल्ये भृंगरसे तत्तैलं तु विपाचयेत् ॥
स्निग्धभांडगतं भूमौ स्थितं मासात्समुद्धरेत् ॥ २० ॥

પછી તેલના બરોબર ભાંગરાનો રસ તે તેલમાં ઉકાળે પછી તે તેલને ચીકણી હાંડીમાં ભરીને જમીનમાં ડાટવી અને મહીના પછી તેને કાઢી લેવી ॥ ૨૦ ॥

सप्ताहं लेपयेद्बद्ध्य कदल्याश्च दलैः शिरः ॥
निर्वाते क्षीर भोजी स्यात्क्षालयेत्त्रिफलाजलैः ॥ २१ ॥

પછી તે તેલને મુસ્તકમાં સાત દીવસ સુધી ચોપડવું અને તે લેપ કર્યા બાદ કેળનાં પાંદડાં બાંધવાં. અને તેમ પવનનો પ્રવેશ પણ ન થવા દેવો જોઇયે. ત્રિફળાનાં પાણીથી મુસ્તક ધોવું અને દૂધનું ભોજન કરવું ॥ ૨૧ ॥

नित्यमेवं प्रकर्तव्यं सप्ताहं रंजनं भवेत् ॥
यावज्जीवं न सन्देहःकचाःस्युर्भ्रमरोपमाः ॥ २२ ॥

ઉપર કહ્યા પ્રમાણે સાત દીવસ લેપ કરે તો વાળ સુંદીર બને અને જ્યાં શુધી જીવે ત્યાં સુધી વાળ ભમરાના જેવા કાળા રહે ॥ ૨૨ ॥

त्रिफलालोहचूर्णं च इक्षुभृंगरसस्तथा ॥
कृष्णमृत्तिकया सार्धं भाण्डे मासं निरोधयेत् ॥ २३ ॥

ત્રિફળા, લોહ ચૂર્ણ, ઇક્ષુ, ભાંગરો આ વસ્તુ સરખે ભાગે લેવી પછી તે સર્વે વસ્તુઓમાં અરધી કાલી માટી નાંખી એક વાસણ-માં નાંખી એક મહિના સુધી રાખી મુકે. ॥ ૨૩ ॥

तल्लेपाद्रंजते केशान् चतुर्मासं स्थिरो भवेत् ॥
लौहकिट्टं जपापुष्पं पिष्ट्वा धात्रीफलं समम् ॥
त्रिदिनं लेपयेच्छीघ्रं त्रिमासं केशरंजनम् ॥ २४ ॥

પછી તેનો વાળ ઉપર લેપ કરે તો ચાર મહીના સુધી વાળ કાળા રહેશે. લોઢાનો કાટ, જપાપુષ્પ તથા આંબળા સરખે ભાગે લઇને મર્દન કરી લેપ કરે. આ લેપ ત્રણ દીવશ સુધી કેશ ઉપર કરે તો ત્રણ માસ સુધી કાળા વાળ રહેશે. ॥ ૨૪ ॥

हरितालचूर्णकलिकालेपात्तेनैव वारिणा सद्यः ॥ निपतन्ति केशनिचयाः कौतुकमिदमद्भुतं कुरुते ॥ २५ ॥ रम्भाजलैः सप्तदिनं विभाव्य भस्मानि कम्बोर्मसृणानि पश्चात् ॥ तालेन युक्तानि विलेपनानि लोमानि निर्मूलयति क्षणेन । २६ ॥

હરતાલ તથા ચુનો લઈ અને ચૂનાનાજ પાણીમાં તેને વાટી પછી કેશને લગાવે તો તરત ખરી પડશે આ અદ્ભુત ચમત્કાર છે ॥ ૨૫ ॥

શંખની ભસ્મને કેળના રસમાં સાત દીવસ સુધી ભાવના આપી પછી તેમાં હરતાલ નાંખવી અને તે સર્વેને પછી વાળ ઉપર જો લેપ કરે તો વાળ ખરી પડશે ॥ ૨૬ ॥

पलाशचिंचातिलमाषशंखं दहेदपामार्गसपिप्पलोपि ॥
मनःशिलातालकचूर्णलेपात्करोति निर्लोम शिरः क्षणेन ॥२७॥

ખાખરો, આમલી, તલ, અડદ, શંખ, અઘાડો, લીંડી પીંપર, મનશીલ, હરતાલ, અને ચૂનો એ સર્વેને એકઠાં કરી જો મુસ્તકમાં લેપ કરે તો માથાના વાળ બધાય ખરી પડશે. ॥ ૨૭ ॥

॥ इति दत्तात्रेयतंत्रनुं तेवीशमुं पटल समाप्त थयुं ॥२३॥

अथ चतुर्विंशतितमः पटलः ॥ २४ ॥

तत्र भूतग्रहादिनिवारणम् । ईश्वर उवाच ।

शिरीपनिम्बयोःपत्रं गोश्रृंगस्य त्वचा वचा ॥
वंशत्वक् शिखिपुच्छं च कंगुना च घृतं समम् ॥ १ ॥

આ ચોવીશમાં પટલમાં ભૂત ગ્રહાદી નીવારણ કહેવાય છે.

શંકર કહે છે કે હે દત્તાત્રેય શિરીષ, લીંબુનાં પાંદડાં, બાવળની છાલ, વજ, વાંસની છાલ, મોરનું પીછું, કાંગ અને ઘી એ સર્વેને સરખે ભાગે લઇને ॥ ૧ ॥

धूपो बालग्रहान् हन्ति एतन्मंत्रेण मंत्रितः ॥ मंत्रः
ॐ द्रुतं मुञ्च ठद्दामरेश्वर आज्ञापयति स्वाहा ॥ २ ॥

પછી ઉપરના મંત્રદ્વારાયે કરી ધૂપ દેવાથી બાળકોને ગ્રહ-દોષ નીવારણ થશે ॥ ૨ ॥

बिल्वमूलं देवदारु गोभृंगं च प्रियंगु च ॥
पिष्ट्वा धूपो निहन्त्याशु ग्रहभूतज्वरादयः ॥ ३ ॥

બીલીનું મૂળ, દેવદાર, બાવલનાં પુષ્પ, પ્રિયંગુ એ સર્વેને વાટી ધૂપ આપે તો જલદી ગ્રહ ભૂતાદિ દોષ નિવારણ થશે તથા જ્વરાદિ રોગ પણ જશે ॥ ૩ ॥

शाकिनी राक्षसाः प्रेताः पिशाचा ब्रह्मराक्षसाः ॥
ऐकाहिको ऽद्याहिकश्च ज्वरो नश्यति तत्क्षणात् ॥ ४ ॥

શાકિની, બ્રહ્મ રાક્ષસ, પ્રેત, પિશાચ, રાક્ષસ તથા એકાહિક દ્યાહિક તાવ સર્વે શાન્તિ પામી જાય છે ॥ ૪ ॥

श्रीवासं सैन्धवं कुष्ठं वचा तैलं घृतं वसा ॥
धूपो बालग्रहे देयो ग्रहराक्षसशान्तये ॥ ६ ॥

ચંદન, સૈન્ધવ, કુષ્ટ, વજ, તેલ, ઘી અને ચર્બી એ સર્વે વસ્તુ-ઓનો ધૂપ બનાવી બાળકના ઘરમાં આપવાથી ગ્રહ તથા રાક્ષસની શાન્તિ થઈ જશે ॥ ૫ ॥

पुनर्नवानिम्बपत्रसर्षपघृतैर्विरचितो धूपः
गर्भिण्यां बालानां सततं रक्षाकरः कथितः ॥ ६ ॥

સુંઠ, લીંબુના પાંદડાં, સરસવ અને ઘી એ સર્વ વસ્તુથી બનેલો ધૂપ ગર્ભિણી સ્ત્રી તથા બાળકોને આપવાથી નીરંતર સુખી રહે છે.॥૬॥

दाडिमस्य च वृन्दाकं ज्येष्ठाऋक्षे समुद्धरेत् ॥
द्वारबन्धे च बालानां सर्वग्रहनिवारणम् ॥ ७ ॥

દાડમના બાંદા જેષ્ટા નક્ષત્રમાં લાવી અને બાળકના ઘરના બારણે બાંધે તો બાળકના સર્વે પ્રકારના ગ્રહ ભૂતાદિ દોષ શાન્ત થાય ॥ ૭ ॥

पुष्यार्के श्वेतगुंजाया मूलमुद्धृत्य धारयेत् ॥
बालानां कंठदेशे तु डाकिनीभयनाशनम् ॥ ८ ॥

તથા પુષ્ય નક્ષત્રને રવિવારને દીવસે સફેદ ચણોઠીનું મૂળ લાવી અને બાળકના ગળામાં બાંધે તો ડાકણનો દોષ નાશ થાય ॥૮॥

श्वेतापराजितापत्रं जयापत्रं द्वयो रसम् ॥
नस्यं कुर्यात्पलायंते डाकिनीदानवादयः ॥ ९ ॥

સફેદ અપરાજીતના પાંદડાં તથા જયંતીનાં પાંદડાં તેનો રસ કાઢીને પછી બાળકને તેનું નામ આપવાથી ડાકણ-શાકણ સર્વે દૂર થઇ જાય છે ॥ ૯ ॥

नरसिंहस्य बीजं तु सकृदुच्चरितं हरेत् ॥
डाकिनीप्रेतभूतानि तमः सूर्योदये यथा ॥ १० ॥

નૃસિંહજીનો મંત્ર ભણીને બાળક અથવા સુતિકાને પાણીની અંજલી ભરીને છાંટવાથી જેવી રીતે સૂર્યોદય થવાથી અંધકાર નાશ પામે છે તેવીજ રીતે ડાકણ વિગેરે નાશ પામે છે ॥ ૧૦ ॥

अथमंत्रः ॐ नमो नरसिंहाय हिरण्यकशिपुवक्षस्थलविदारणाय त्रिभुवनव्यापकाय भूतप्रेतपिशाचडाकिनीकूलोन्मूलनाय स्तम्भोद्भवाय समस्तदोषान् हर हर त्रिसर विसर पच पच हन हन कम्पय कम्पय मथ मथ ह्रीं ह्रीं ह्रीं फट् फट् ठः ठः एह्येहि रुद्रा आज्ञापयति स्वाहा ॥ આ નૃસિંહજીનો મહા મંત્ર છે.

હવે સિંહ વ્યાઘ્રાદિનો ભય તેનું નિવારણ લખાય છે.

अथ सिंहव्याघ्रादिभयनाशनम् ।

पुष्यार्के संगृहीत्वा तु श्वेतार्कस्य च मूलकम् ॥
धारयेद्दक्षिणे हस्ते सिंहबाधाभयं नहि ॥ ११ ॥

પુષ્ય નક્ષત્ર રવિવારને દીવશે સફેદ આકડાનું મૂળ લાવી અને દક્ષિણ હાથમાં તેને અભિજીત મંત્ર ભણીને બાંધે તો સિંહનો ભય તેને જાય ॥ ૧૧ ॥

गृहीत्वा शुभनक्षत्रे धत्तुरमूलकं तथा ॥

धारयेद्दक्षिणे हस्ते व्याघ्रबाधाभयं नहि ॥ १२ ॥

તથા સારા નક્ષત્રમાં ધતુરાનું મૂળ લાવીને દક્ષિણ હાથમાં બાંધે તો વ્યાઘ્રાદિનો ભય તેને થાય નહી ॥ ૧૨ ॥

गृहीत्वा पुष्यनक्षत्रे अमृतामूलकं पुनः ॥
तन्मालां धारयेत्कण्ठे सर्पबाधाभयं नहि ॥ १३ ॥

પુષ્ય નક્ષત્રમાં ગળોનું મૂળ લાવી પછી તેની માળા કરીને કંઠમાં ધારણ કરે તો સર્પનો ભય તેનો નાશ પામે ॥ ૧૩ ॥

गृहीत्वा रविवारे च श्वेतकरवीरमूलकम् ॥
धारयेद्दक्षिणे हस्ते अग्निबाधाभयं नहि ॥ १४ ॥
अथ अग्निनो मंत्रः ॐ नमोऽग्निरूपाय ह्रीं नमः ॥

તથા રવિવારને દીવસે સફેદ કરેણનું મૂળ લાવીને દક્ષિણ હાથમાં બાંધે તો અગ્નિનો ભય તેને નહી થાય ॥ ૧૪ ॥

अनेन मंत्रेण सप्तांजलीजलं अग्नि मध्ये निक्षिपेत
तदाग्नि शांतिर्भवति ॥

મંત્ર મૂળમાં લખેલ છે અગ્નિ શાન્તિ કરવી હોય તો મંત્ર ભણીને પાણીની સાત અંજલી નાંખવી તો અગ્નિ શાન્ત થઇ જશે.

त्रिषट् धर्मेन्दु वर्षे च मास्याषाढे सितेदले ॥
द्वितीयायां स्थिरे वारे टीका संपूर्ण तामगात् ॥ १ ॥
हर्षजेयं कृताटीका वेणीरामात्मजेनवै ॥
कृत्रात्रा शुद्धमपिचेत् क्षंतव्यं पंडितैः सदा ॥ २ ॥
कराच्याख्येपुरे कृत्वा रामचंद्रात्मजार्पिता ॥
तस्मादन्यै पुनश्चैवं स्वाधिकारं नयोजयेत् ॥ ३ ॥

इति दत्तात्रेयतंत्रनुं चोवीशमुं पटल समाप्त थयुं ॥

સમાપ્ત.

વૈદ્યકનાં પુસ્તકો.

કામરૂદેશાધિપતિ મહારાણીશ્રી કામાક્ષી નારી પ્રણીત.

कामाक्षीतंत्रं અથવા कामरुदेशनी अद्भुत विद्या.

મંત્રતંત્રવિદ્યાના અતિ અદ્ભૂત ચમત્કારો માટે કામરૂદેશ અને કામાક્ષીનું નામ એટલું બધું જગજાહેર છે કે આજે પણ કોઇ માણસ મંત્રવિદ્યા ચમત્કારવાળો નજરે પડે તો તેની પ્રસંશા કરતાં એવી ઉપમા દેવામાં આવે છે કે એતો કામરૂદેશની વિદ્યા શીખી આવ્યો છે. એ મુજબ મંત્રતંત્રાદિ વિદ્યામાં અતિ કુશળ એવાં કામરૂદેશાધિપતિ મહારાણીશ્રી કામાક્ષી પ્રણીત અતિ દુલ્લભ એવા આ ગ્રંથનું મૂળ સંસ્કૃત સહિત ગુજરાતી ભાષાંતર અમારી તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે. જેમાં મારણ, મોહન, ઉચ્ચાટન, આકર્ષણ, વશીકરણ, સ્તંભન, શાંતિકરણ, ભુત, ભૈરવ, ત્રિવૈતાળાદિ બટુક, કાળભૈરવાદિ સાધન પ્રેતસાધન, નરસિંહ સાધન, પ્રેતવિદ્યા, સંજીવનીવિદ્યા, સુવર્ણસિદ્ધિ, (કીમીયો) કાલજ્ઞાન, વૃષ્ટિજ્ઞાન, દિવ્ય ઔષધિસાધન, અનેક વિધ યંત્રસાધન, વંધ્યત્વનિવારણ, ગુપ્ત નીધિદર્શન, વચનસિદ્ધિ, ભૂતપ્રેતાદિ, ભયનિવારણ, રોગશાન્તિ અદ્રશ્યવિદ્યાવિધાન, હાજરાતવિધાન, દીવ્ય ઇન્દ્રજાલવિદ્યા, ખેચરીસાધન. અને એવીજ બીજી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થને પ્રાપ્ત કરાવનારી અતિ અદ્ભૂત દૈવી વિદ્યાઓને પ્રત્યક્ષ અનુભવ સાથે બતાવવામાં આવે છે. **કિંમત ૧–૦–૦ પોસ્ટેજ ૦—૨—૦**

યોગચિંતામણિઃ—(વૈદ્યકનો અમૂલ્ય ગ્રન્થ) આ ગ્રંથ વૈદ્યવર્ય શ્રીહર્ષકીર્તિસૂરી પ્રણીત મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર કરાવી છપાવેલ છે. સ્વદેશબાન્ધવો ! આ ગ્રંથમાં ચરક, સુશ્રુત, આત્રેય, વાગ્ભટ, ભેડ, ભૃગુ, હરિતસંહિતા, વૃંદકલિકા, અને વૈદ્યાર્ણવ આદિ વિશ્વવિખ્યાત ગ્રન્થોનું મથન કરી સારોદ્ધાર કરેલ છે. તેમજ માધવનિદાન, શાર્ઙગધરસંહિતા, ભારદ્વાજસંહિતા; બોપદેવસતક, નિઘંટ, વૈદ્યવલ્લભ, વૈદ્યજીવન, વૈદ્યમૃત, ચિકિત્સાંજન અને કર્મવિપાકાદિ પરમ માનનીય ગ્રંથોના પ્રમાણોથી અલંકૃત કરેલ છે. મૂળ શ્લોક સહિત શુદ્ધ સરળ ને ઉતમ રીતસર અનુભવી વૈદ્યના હાથે તે પુસ્તકનું ગુજરાતી ભાષાંતર અમારી તરફથી અનુપમ બનાવવામાં આવેલ છે કે તેમાંના દરેક પ્રયોગો રામબાણ સમાન અકસીર અને લાભદાતા છે કે આવો અમૂલ્ય ગ્રંથ

આટલી જૂજ કીંમતમાં મળવો મુશ્કેલ છે આ ગ્રંથનું કદ રોયલ બાર પેજી પૃષ્ટ ૪૨૫ ઉપરાંત સારા કાગળો—સુંદીર ટાઇપ-છાપ અને સોનેરી બાઇડીંગથી સુશોભિત છે. મૂલ્ય ૧-૮-૦. પોષ્ટેજ ૦-૩-૦

નપુંષકાનંદમંદાર અથવા કામકુતૂહલ ભાગ ૧ લો—આ પુસ્તક પ્રાચીન ગ્રન્થેનું દોહન કરી સંગ્રહરૂપ બનાવેલ છે. તેમાં જન્મથી તેમજ કેટલાક રોગોને લીધે પાછળથી હીન વીર્યતા (નંપુષકતા) પ્રાપ્ત થાય છે, તેવા રોગોનું સપૂર્ણ નિદાન અને તેપર ઘણીક સહેલાઇથી બની શકે તેવાં ચૂર્ણ, ગુટિકા, અવલેહ, ધૃતોઃ પૌષ્ટિક પ્રયોગો વગેરેનો સંગ્રહ કરેલો છે. તેથી કૌવત કમી થયેલું કૌવત તથા ધાતુક્ષીણ, પ્રમેહ, સ્વપ્નાવસ્થામાં થતો ધાતુપાત. પ્રદર અને સુસ્તપણું વગેરે સ્ત્રી પુરૂષોના વિકટ છુપા રોગો માટે ઘણોજ ઉપયોગી છે, તેથી આ પુસ્તક પ્રત્યેક ગૃહસ્થોને અવસ્ય સંઘરવા લાયક છે. મૂળ સહિત ગુજરાતી ભાષાંતર સારા અક્ષર, કાગળમાં છાપી પ્રસિદ્ધ કરેલ છે. કીંમત ૦-૮-૦ પોષ્ટેજ ૦—૧—૦

નપુંષકાનંરમંદાર વા કામકુતુહલ ભાગ ૨ બીજો—નપુંષકતા અને કમતાકતને દૂર કરવાના અકસીર ઇલાજરૂપ પૌષ્ટિક પાકેનું બયાન આ બીજા ભાગમાં લખવામાં આવેલ છે તેમજ મદનાંકુશની (ઇંદ્રીની) શિથિલતા, હસ્તકર્મ દોષ, ધાતુદોષ નાશ કરનારા, તથા મદનાંકુશની વૃદ્ધિ. સ્થૂલતા કરવાના અને પ્રદરનાશક, વીર્યસ્તંભનાદિ અનેક અનુભવિ છતાં સહજમાં બની શકે તેવા પ્રયોગો સાથે તિલા-લેપ-પટ્ટી વગેરે અનેક ઉપયોગી ઉપાયોથી ભરપૂર આ પુસ્તક અમારી તરફથી પ્રગટ થયલું છે કીંમત ૦-૮-૦ પોષ્ટેજ ૦-૧-૦.

અમૃતસાગર-પ્રતાપસાગર—સુધારા વધારા સાથે આવૃત્તિ બીજી આ પુસ્તક ખરેજ અમૃતની સામરરૂપ છે, જેમ સાગરમાં તરંગો હોય છે તેમ આમાં પણ તરંગો છે, સાગરમાં વિવિધ રત્નો હોય છે તેમ આમાં વિવિધ દર્દો નિવારક રત્નરૂપ વિવિધ ઓષડો છે, સાગરમાં સ્વચ્છતા, જગજીવાડણપણું અને પાપ પખાળવાદિ ગુણો છે, તેમ આમાં સ્વચ્છ ગ્રન્થોનાં પ્રમાણો સહ નિદાન ને ચિકિત્સાઓ કે જે જગત જનોના રોગો મટાડી જીવન આપનાર અને શરીર મળને પખાળી દૂર કરનાર તે ઉત્તમ ગુણો વિદ્યમાન છે. વિશેષ શું કહેવું પણ આ ગ્રંથ દરેક ગૃહસ્થ કુટુંબોને ખાસ રાખવા લાયક છે. સોનેરી ગીલ્ટનાં પાકાં પૂઠાં અને રોયલ ૮ પેજી પૃષ્ટ ૪૪૦ છતાં કીંમત ૨—૮—૦ પોષ્ટેજ ૦—૫—૦

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર. ત્રણદરવાજા—અમદાવાદ.